HGH INDIA® 2026
HOME DECOR ▪▪▪ GIFTS ▪▪▪ HOUSEWARE
Jun 30-Jul 03, 2026. Bombay Exhibition Center, Mumbai

NEWS 1
A TEXZONE Event

Where business feels at home!

## ભારતનું હોમ અને લાઇફસ્ટાઇલ બજાર

# સ્કેલ, પ્રસરણ અને તીવ્ર માગને આધારે વૃદ્ધિ પામી રહ્યું છે

ભારતનાં હોમ ડેકોર (ઘર સુશોભન) બજારનું મૂલ્ય વર્ષ 2025માં 26.88 અબજ ડોલર હતું અને હવે તે નોંધપાત્ર નવા તબક્કામાં પ્રવેશી રહ્યું છે અને તે વર્ષ 2034 સુધી 42.36 અબજ ડોલર સુધી પહોંચવાનો અંદાજ છે. સ્કેલ તેની વ્યાખ્યાયિત શક્તિ પૈકીનું એક છે, જ્યારે વર્ષ 2026માં સૌથી વધુ રસપ્રદ ગાથા માગની ગુણવત્તા અને વિતરણ વિશે છે.

વર્લ્ડ આર્થિક ફોરમના ફેબ્રુઆરી 2026ના ડેટા અનુસાર, ભારતની 93% ગ્રાહક વૃદ્ધિ ટોચનાં મેટ્રોની બહાર, લગભગ 500 ઉભરતા ગ્રાહક શહેરોમાં થાય છે. બજાર માત્ર મેટ્રો વપરાશથી આકાર પામતું નથી; સૌથી મહત્ત્વપૂર્ણ બંધારણીય ફેરફાર ટિઅર 2 અને ટિઅર 3 બજારોની વધતી જતી સુસંગતતા છે. આ બજારો પરીઘીય અર્થમાં હવે ઉભરી રહ્યા નથી; તેઓ વિતરણ, વર્ગીકરણ અને વિસ્તરણ અંગે ઉદ્યોગ કેવી રીતે વિચારે છે તેના માટે વધુ કેન્દ્રીત થઈ રહ્યા છે. પ્રાદેશિક રિટેઇલ મજબૂત બની રહ્યું છે. ભારતભરમાં ભૌગોલિક પ્રસરણ, મજબૂત શ્રેણી જાગૃત્તિ, સુધરેલો રિટેઇલ એક્સેસ અને વધુ મહત્ત્વકાંક્ષી ખરીદીની વર્તણુકથી વૃદ્ધિ વધુને વધુ આગળ વધી રહી છે. ગ્રાહકો વધુ ખુલ્લા, વધુ જાગૃત્ત અને તેઓ કેવી રીતે રહે છે, સુશોભિત કરે છે, ભેટ આપે છે, હોસ્ટ કરે છે અને આરામ કરે છે તેમાં સભાનતાથી રોકાણ કરવા માટે વધુ તૈયાર છે. ઘરને માત્ર ઉપયોગિતાના સ્થળ તરીકે જ નહીં, પરંતુ ઓળખ, આરામ અને જીવનશેલીની અભિવ્યક્તિ તરીકે પણ જોવામાં આવી રહ્યું છે.

કિંમત-મૂલ્ય મહત્ત્વપૂર્ણ રહ્યા છે, પરંતુ ડિઝાઇન, યુટિલિટી અને કથિત ગુણવત્તાનો પ્રભાવ વધી રહ્યો છે.

ઘરનાં સ્પેક્ટ્રમમાં ખર્ચ સતત વધી રહ્યો છે. પ્રિમિયમાઇઝેશન રોજિંદી શ્રેણીઓમાં આગળ વધી રહ્યું છે. સુશોભન, ફર્નિશિંગ અને હાઉસવેરમાં રિપ્લેસમેન્ટ ચક્ર વધુ સક્રિય બની રહ્યા છે. ડિજિટલ શોધ પસંદગીને પ્રભાવિત કરી રહી છે અને શ્રેણીનાં એક્સપોઝરને વેગ આપી રહી છે. હોસ્પિટાલિટી (આતિથ્યસત્કાર), સંસ્થાકીય અને એસ્ટેટ માગ વ્યાપક બજારના વેગને ટેકો આપવાનું જારી રાખે છે. અને તહેવારનો વપરાશ વેપાર પ્રવૃત્તિનાં મજબૂત એન્જિન પૈકીનો એક છે.

એચજીએચ ઇન્ડિયાનું તમામ ગતિશીલતાને આવરીને અદ્વિતીય રીતે સુસંગત રહેવાનું જારી છે. શો માત્ર ઉદ્યોગના સ્કેલને જ પ્રતિબિંબિત નથી કરતો, પરંતુ તેની વૈવિધ્યતાને પણ પ્રતિબિંબિત કરે છે. તે એવી શ્રેણીઓને એક સાથે લાવે છે, જે હોમ અને લાઇફસ્ટાઇલનાં વિશ્વને વધુ વ્યાખ્યાયિત કરે છે, કારણ કે તે ભારતમાં ખરેખર ખરીદવામાં અને વેચવામાં આવે છે – હોમ ટેક્સટાઇલ્સ, ડેકોરેટિવ ફર્નિશિંગ્સ, બેડ અને બાથથી લઈને મેટ્રેસિસ, ઓશિકા અને વૃદ્ધિ પામી રહેલા ઊંઘનાં વિશ્વ સુધી; હોમ ડેકોર, ડેકોરેટિવ એક્સેસરીઝ અને ભેટોથી લઈને ઘરનાં ફર્નિચર સુધી; અને કૂકવેર, કિચનવેર અને કિચન એપ્લાયન્સિસથી લઈને ટેબલવેર, સ્ટોરેજ, પ્લાસ્ટિક અને સામાન્ય ઘરના સામાન સુધી.

શ્રેણીની ગહનતા મહત્ત્વપૂર્ણ છે, કારણ કે આજના ખરીદદારો હવે માત્ર પ્રોડક્ટ્સમાં સોર્સિંગ કરી રહ્યા નથી. તેઓ વ્યાપક જીવનશૈલીની ગાથાઓ, તીવ્ર શ્રેણી સંલગ્નતા અને વધુ સંપૂર્ણ મર્ચન્ડાઇઝિંગ ઉકેલોનું નિર્માણ કરી રહ્યા છે. ■


ફેબ્રેક્સ બાય એક્સેલ




હોમ ટચ

HGH INDIA®
HOME DECOR ▪▪▪ GIFTS ▪▪▪ HOUSEWARE

## વર્ષોથી...

લગભગ 2 દાયકાથી, એચજીએચ ઇન્ડિયા હોમ ટેક્સટાઇલ, હોમ ડેકોર, ફર્નિચર, હાઉસવેર અને ભેટો માટેનો ભારતનો અગ્રણી ટ્રેડ શો છે, જેણે ભારતના હોમ અને લાઇફસ્ટાઇલ ઉદ્યોગ માટેનાં એક મંચ તરીકે સેવા આપી છે, જ્યાં ટ્રેન્ડ્સ ઊભરે છે અને શ્રેણીઓ વિકસે છે. એચજીએચ ઇન્ડિયા એક એવા મંચમાં વિકાસ પામી છે, જ્યાં કારોબારો માત્ર સ્ત્રોત માટે જ નથી આવતા, પરંતુ ડિઝાઇન અને પ્રોડક્ટ ટ્રેન્ડ્સની શોધ માટે, બજારનાં ટ્રેન્ડ્સને વાંચવા, શું બદલાઇ રહ્યું છે તે જાણવા અને નવા કારોબારની તકો અને ભાગીદારીઓ શોધવા માટે આવે છે. તે મુલાકાતીઓ અને પ્રદર્શકોને આગામી શું આવશે તેના માટે તૈયાર થવા માટે સહાય કરે છે. વર્ષ દર વર્ષ, ટ્રેડ શોએ દેશભરમાં રિટેઇલર્સ, બ્રાન્ડ્સ, વિતરકો, આયાતકારો, ડિઝાઇનર્સ અને સંસ્થાકીય ખરીદદારોની વિકસતી અગ્રીમતાઓને પ્રતિબિંબિત કરી છે.

એચજીએચ ઇન્ડિયા ન્યુઝ ટ્રેડ સાથે ચાલી રહેલી વાતચીત છે – શ્રેણીઓ, ટ્રેન્ડ્સ અને પ્રવૃત્તિઓ વિશે, જે એ નિર્ધારિત કરશે કે શો ફ્લોર પર શું થાય છે અને પ્રદર્શનના ચાર દિવસથી આગળની ભૂમિકા વિસ્તૃત કરશે. તેની 19મી આવૃત્તિ માટે, એચજીએચ ઇન્ડિયા ન્યુઝલેટર બજાર સંકેતો, શ્રેણી આંતરદૃષ્ટિ, વેપારની તકો, ઊભરતા બદલાવો, પ્રદર્શકની દૃશ્યતા અને ભવિષ્યલક્ષી વિચારોને એક સાથે લાવશે, જે ઉદ્યોગ માટે મહત્ત્વપૂર્ણ છે.

આ પ્રથમ આવૃત્તિ એક સરળ, પરંતુ શક્તિશાળી વિચાર સાથે શરૂ થાય છેઃ કે હોમ અને લાઇફસ્ટાઇલ વેપારનું ભવિષ્ય ત્રણ આંતરછેદ દૃષ્ટિ દ્વારા સમજી શકાય છે – સમકાલીન, ભવિષ્યવાદી અને ટકાઉ. સાથે મળીને, તેઓ આગામી વર્ષોમાં પ્રોડક્ટ્સને કેવી રીતે ડિઝાઇન, સ્થિતીસ્થાપક, સોર્સ કરવામાં અને ખરીદવામાં આવશે તેના માટે વ્યવહારું માળખું પૂરું પાડે છે.

આપણે મુંબઈ બોમ્બે એક્ઝિબિશન સેન્ટર ખાતે 30 જૂનથી 3 જુલાઇ 2026 દરમિયાન નિર્ધારિત એચજીએચ ઇન્ડિયાની 19મી આવૃત્તિ માટે આતુરતાથી રાહ જોઇ રહ્યા છીએ, ત્યારે આપણે માનીએ છીએ કે ટ્રેડ શોની ભૂમિકા પણ વિકસિત થઈ રહી છે. હવે માત્ર એક છત નીચે પ્રોડક્ટ્સ એકત્રિત કરવી પૂરતી નથી. ખરેખર સુસંગત વેપાર મંચે માર્કેટ ઇન્ટેલિજન્સ પણ સર્જવું જોઇએ, શ્રેણીની ચર્ચાને સક્ષમ કરવી જોઇએ, નિર્ણય લેવા માટે સંદર્ભનો નિર્માણ કરવો જોઇએ અને ઉદ્યોગને આગામી શું છે તેનો અંદાજ મેળવવામાં સહાય કરવી જોઇએ.

મને આશા છે કે આ આંતરદૃષ્ટિ તમને બજારના હાલના બદલાવોને સમજવામાં સહાય કરે છે. અમે અમારા ન્યુઝલેટરની શ્રેણીમાં શ્રેણીઓ અને આ વિષયો પર વધુ ગહનતાથી ચર્ચા કરીશું, ત્યાં સુધી જોડાયેલા રહો. ટૂંક સમયમાં શો ફ્લોર પર મળીશું!"

- ટીમ એચજીએચ ઇન્ડિયા

# સમકાલીન ▪ ભવિષ્યવાદી ▪ ટકાઉ.

2026માં હોમ અને લાઇફસ્ટાઇલ વેપારને સમજવા માટે ઉપયોગી માળખું. ભારતીય હોમ (ગૃહ) બજાર વધુ સ્તરીય અને વધુ સુસંસ્કૃત બની રહ્યું છે. જે એક સમયે મોટા પાયે વિભાજિત અને કાર્ય-આધારિત વેપાર હતો તે હવે ડિઝાઇન, જીવનશૈલીની આકાંક્ષા, સુખાકારી, નવીનતા અને ભૌતિક સભાનતાથી વધુ પ્રભાવિત થઈ રહ્યો છે. ખરીદદારો શું વેચાશે માત્ર તે જ નથી શોધી રહ્યા; પરંતુ તેઓ સુસંગત, વિભિન્ન અને ભવિષ્ય માટે તૈયાર લાગે છે તે પણ શોધી રહ્યા છે.

એચજીએચ ઇન્ડિયા ખાતે અમે તેને વ્યવહારુ દૃષ્ટિથી જોઇ રહ્યા છે, જે શ્રેણીઓમાં વધુ મહત્ત્વપૂર્ણ બની રહ્યું છેઃ **સમકાલીન, ભવિષ્યવાદી, ટકાઉ.**

**સમકાલીન** એવી પ્રોડક્ટ્સ અને કલેક્શન વિશે જણાવે છે જે આજના ગ્રાહકની માનસિકતાને પ્રતિબિંબિત કરે છે – સ્વચ્છ ડિઝાઇન, વધુ સારી ફિનિશ, જીવનશૈલી સાથે મજબૂત સુસંગતતા અને રોજિંદા જીવનની વધુ સારી સમજ. હોમ ટેક્સટાઇલ્સમાં આ લેયર્ડ બેડિંગ, ટોનલ પેલેટ્સ અને સંકલિત રૂમ સ્ટોરીઝમાં દેખાય છે. હોમ ડેકોરમાં બદલાવ એવી એક્સેસરીઝ તરફનો છે, જે અતિશયતા વિના વ્યક્તિત્વને ઉમેરે છે – વિચારશીલ એસેન્ટ્સ, સમતુલિત સ્ટાઇલિંગ અને કલાકૃત્તિઓ જે બદલાતા ઇન્ટિરિયરની સંવેદનશીલતાને પૂરક બનાવે છે. ફર્નિચરમાં, તે કોમ્પેક્ટ, શહેરી અને મલ્ટિફંક્શનલ ફોર્મેટ્સમાં દેખાય છે. કૂકવેરમાં તે રસોઇ અને પિરસવાના વિકલ્પોમાં અને ઇન્ડક્શન-રેડી કિચન ઉકેલોમાં જોઇ શકાય છે. તેના મૂળમાં આ એક એવું સ્થળ છે જ્યાં હોમ અને લાઇફસ્ટાઇલ બજારની હાલની ક્ષણ સૌથી વધુ સ્પષ્ટ રીતે વ્યાખ્યાયિત થાય છે.

**ભવિષ્યવાદી** આગામી સમયમાં લોકો કેવી રીતે રહેશે, ઉપયોગ કરશે અને ખરીદશે તેની આસપાસની શ્રેણીઓની પુનઃકલ્પના કરવામાં આવી રહી છે તેમાં વધુ જોઇ શકાય છે. ટેકનોલોજી, સુવિધા, સુખાકારી અને મોડ્યુલારિટી પ્રોડક્ટ્સના આગામી વેવને આકાર આપી રહ્યા છે. હોમ ટેક્સટાઇલ્સમાં તે વધુ સારી સુરક્ષા, પર્ફોર્મન્સ ફેબ્રિક્સ, સરળતાથી સંભાળ લઇ શકાય એવી સામગ્રીઓ અને સુખાકારી આધારિત બેડિંગ મારફતે ઊભરી આવે છે. ફર્નિચરમાં આ યુવા ભારતીયોની બદલાતી જીવનશૈલી માટે ડિઝાઇન કરેલા ફોલ્ડ કરી શકાય, અનુકૂલનશીલ અને જગ્યાની બચત કરતા ઉકેલો મારફતે અભિવ્યક્ત થાય છે. કિચન અને હાઉસવેરમાં આ સ્માર્ટ એપ્લાયન્સિસ અને ઊર્જા-કાર્યક્ષમ સુવિધાના ઉકેલોમાં જોવા મળે છે. માત્ર મેટ્રો શહેરોમાં જ નહીં, પરંતુ પુણે, અમદાવાદ અને કોઇમ્બતુર જેવા શહેરોમાં પણ ખરીદદારો દ્વારા પ્રામાણિક માગ છે, જેમના માટે સ્માર્ટ ફંક્શનાલિટી પ્રિમિયમ ઉમેરા કરતા અપેક્ષિત પ્રોડક્ટ વિશેષતા છે.




**ટકાઉ** વેપારમાં લાંબા ગાળાનાં સૌથી મહત્ત્વપૂર્ણ ફિલ્ટર્સ પૈકીનું એક બની રહ્યું છે. આ માત્ર એક ખાસ અથવા પ્રિમિયમ ચર્ચા રહી નથી. ખરીદદારો અને બ્રાન્ડ્સ ઝડપથી સામગ્રીની પ્રામાણિકતા, ટકાઉતા, રિસાયક્લિંગ, ઓછો બગાડ, જવાબદાર સોર્સિંગ અને પ્રોડક્ટની આવરદા તરફ વધુ ધ્યાન આપી રહ્યા છે. ભલે પછી કૂકવેરમાં સુરક્ષિત કોટિંગ્સ હોય કે પછી ટેક્સટાઇલમાં પ્રાકૃતિક કે રિસાઇકલ કરેલા રેસા હોય, ફર્નિચરમાં જવાબદારીપૂર્વક પ્રાપ્ત કરેલી સામગ્રીઓ હોય, અથવા વધુ સ્લીપ પ્રોડક્ટ્સમાં વધુ હવાદાર અને ટકાઉ પસંદગીઓ હોય, ટકાઉતા કારોબારની વ્યુહરચના અને ગ્રાહકના દૃષ્ટિકોણ બંનેને પ્રભાવિત કરવાની શરૂઆત કરી રહ્યા છે.

સાથે મળીને, આ ત્રણેય દૃષ્ટિ ટ્રેન્ડની પરિભાષા કરતા વધુ આપે છે. તેઓ હોમ અને લાઇફસ્ટાઇલ બજારમાં વાણિજ્ય રીતે સુસંગત શું બની રહ્યું છે – અને સફળ બ્રાન્ડ્સની આગામી પેઢીને શું પહોંચાડવાની જરૂર છે તે સમજવા માટેની વ્યવહારું રીત પૂરી પાડે છે. ▪



# શું અપેક્ષા રાખવી ?

મુંબઈમાં બોમ્બે એક્ઝિબિશન સેન્ટર ખાતે એચજીએચ ઈન્ડિયાની 19મી આવૃત્તિ ફરી એક વખત હોમ અને લાઇફસ્ટાઇલ વેપારના એક મજબૂત અને અત્યંત સુસંગત ક્રોસ-સેક્શનને એક સાથે લાવશે.

એક્ઝિબિશન વિશ્વભરના 30થી વધુ દેશોની બ્રાન્ડ્સ, ઉત્પાદકોનું આયોજન કરશે અને તે ભારતભરના 750થી વધુ શહેરો અને નગરોના રિટેઇલર્સ, જથ્થાબંધ વેપારીઓ, વિતરકો, આયાતકારો, સંસ્થાકીય ખરીદદારો, આર્કિટેક અને ઇન્ટિરિયર ડિઝાઇનર્સને આકર્ષવાનું જારી રાખશે, જેમાં નોન-મેટ્રો બજારોના વ્યાવસાયિકોની વધતી સંખ્યા પણ સામેલ છે. 30 દેશોના આંતરરાષ્ટ્રીય મુલાકાતીઓ પણ મુલાકાત લે એવી શક્યતા છે. પ્રદર્શકો માટે, આ એચજીએચ ઈન્ડિયાને ગંભીર વેપાર પ્રેક્ષકો સાથે જોડાવા માટે સૌથી વધુ કાર્યક્ષમ અને લક્ષ્યાંકિત તકો પૈકીનું બનાવવાનું જારી રાખે છે.

આ વર્ષની આવૃત્તિમાં ભારતીય ઉત્પાદકો, બ્રાન્ડ્સ, આયાતકારો, નિકાસકારો, સોર્સિંગ વિશેષજ્ઞો અને ઊભરતી પ્રોડક્ટનાં સર્જકોનું એક વ્યાપક અને સમૃદ્ધ મિશ્રણ રજૂ કરશે. તે બજારની વધતી પરિપક્વતાને પ્રતિબિંબિત કરવાનું પણ જારી રાખશે, જ્યાં કારોબાર વોલ્યુમ, સ્કેલ, ડિઝાઇન, નવીનતા, ગુણવત્તા અને ગ્રાહકની અપેક્ષાઓ વચ્ચે સૂક્ષ્મ સંતુલન દ્વારા વ્યાખ્યાયિત થાય છે. 2026ની આવૃત્તિ ચાર હોલમાં પ્રસરાયેલી છે, જેમાં હોમ ટેક્સટાઇલ, ડેકોરેટિવ ફર્નિશિંગ્સ, બેડ અને બાથ, ટેબલ એન્ડ કિચન લિનન, રગ્સ અને કાર્પેટ, ટેકનિકલ ટેક્સટાઇલ (હોલ 6 ) ; ટેબલ ટોપ, વોલ ડેકોર, ફ્લોર ડેકોર, હસ્તકલા, હોમ ફ્રેગ્રેન્સિસ, કૃત્રિમ પુષ્પો, સુશોભનાત્મક લાઇટ્સ, ભેટો સહિતનાં હોમ ડેકોર (હોલ 2); હોમ ફર્નિચર (હોલ 3); અને હાઉસવેર અને ગિફ્ટ્સ (હોલ 4)માં મજબૂત પ્રતિનિધિત્વ હશે.

મુલાકાતીઓ એચ-સર્કલ પ્રોડક્ટ ઇનોવેશન એવોર્ડ્સના સતત વેગની પણ અપેક્ષા રાખી શકે છે, જે હવે તેની પાંચમી આવૃત્તિમાં છે, જે ભારતીય બજાર માટે પ્રોડક્ટની નવી બાબતો અને સુસંગતતાનું મૂલ્યવાન ચિહ્ન બન્યું છે. આની સાથે સાથે, એચજીએચ ઈન્ડિયા ફરી એક વખત તેના સેમિનાર્સ, પ્રેઝન્ટેશન્સ અને પેનલ ચર્ચાઓ યોજશે, જે સુસંગત અને ભવિષ્યલક્ષી ઉદ્યોગ વિષયો અંગે કારોબારની ચર્ચાનું સમૃદ્ધ સ્તર બનાવશે, જે પ્રદર્શકો અને મુલાકાતીઓ બંને માટે વધુ મૂલ્યનો ઉમેરો કરે છે. ■


સપના કાર્પેટ-મેટ્સ


પેસિફિક કોટન્સ


એસેન


ગિફ્ટી હોમ ફેશન


ઓરેન્જ એન્ડ મસ્ટર્ડ



## આંતરરાષ્ટ્રીય પ્રદર્શકો ભારત પર ધ્યાન કેન્દ્રિત કરે છે

19મી એચજીએસ ઇન્ડિયાનું અન્ય મહત્ત્વપૂર્ણ પરિમાણ આંતરરાષ્ટ્રીય સહભાગિતાની સતત મજબૂતી છે.

જેમ જેમ ભારતનું હોમ અને લાઇફસ્ટાઇલ બજાર ઊંડાણ અને સુસંસ્કૃત્તતામાં વૃદ્ધિ પામી રહ્યું છે તેમ તેમ તે માત્ર પ્રોડક્ટ્સ માટેનાં એક સ્થળ તરીકે જ નહીં, પરંતુ પ્રાદેશિક અને વૈશ્વિક સુસંગતતા સાથે એક ગંભીર વેપાર બજાર તરીકે પણ વધુ મહત્ત્વપૂર્ણ બની રહ્યું છે. પ્રત્યક્ષ અથવા ભારતીય ચેનલ ભાગીદારો મારફતે રજૂ કરવામાં આવતી આંતરરાષ્ટ્રીય પ્રોડક્ટ્સ અને બ્રાન્ડ્સ સોર્સિંગ ઈકોસિસ્ટમમાં વધુ વ્યાપકતા ઉમેરવાનું જારી રાખે છે, સાથે સાથે ભારતીય ખરીદદારોને વ્યાપક વૈશ્વિક બદલાવની સામે બેન્ચમાર્ક સામગ્રીઓ, ફિનિશિસ, ડિઝાઇન પરિભાષા અને શ્રેણીની દિશા નિર્ધારિત કરવામાં પણ સહાય કરે છે.

તે જ સમયે, એચજીએચ ઇન્ડિયા ભારતીય વિતરણ શોધી રહેલી વિદેશી બ્રાન્ડ્સ, નવા પુરવઠાની તકો શોધી રહેલા ભારતીય આયાતકારો, આંતરરાષ્ટ્રીય ભાતોનું મૂલ્યાંકન કરતા રિટેઇલર્સ અને ભારતીય બજાર કેવી રીતે વિકસી રહ્યું છે તેનું અવલોકન કરતા નિકાસકારો માટે જોડાણનું ઉપયોગી બિંદુ બન્યા છે. તે અર્થમાં, આ મંચ હવે માત્ર રાષ્ટ્રીય મહત્ત્વનું નથી રહ્યું. તે ઝડપથી એવું સ્થળ બની રહ્યું છે, જ્યાં આતરરાષ્ટ્રીય વેપાર સંબંધો, ભારતીય માગ અને વૈશ્વિક પુરવઠો એક સાથે મળે છે.

મુલાકાતીઓ ઇટાલી, જર્મની, બેલ્જિયમ, યુએસએ, યુકે, યુક્રેન, તુર્કી, ચીન, સિંગાપોર, ચિલી અને અન્ય ઘણા દેશોની હોમ શ્રેણીમાં ઘણા પ્રોડક્ટ વિકલ્પો મેળવી શકે છે. આ ઉપરાંત, ઘણા સુસ્થાપિત ભારતીય નિકાસકારો વર્ષોથી વિશ્વકક્ષાની પ્રોડક્ટ્સનું ઉત્પાદન કરી રહ્યા છે, જેઓ એચજીએચ ઇન્ડિયાની આ આવૃત્તિમાં પ્રવેશ કરશે – ભારતીય સ્થાનિક બજારમાં મોટી અને વધતી તકોને સમજે છે ■




## આગળ વધવું

એચજીએચ ઇન્ડિયા એક એવું સ્થળ બનવાનું જારી રાખશે, જ્યાં પ્રોડક્ટ્સ શોધવામાં આવે છે અને વેપારના વ્યવહારો કરવામાં આવે છે. અમે આ મંચને મજબૂત બનાવવાનું જારી રાખીશું, જ્યાં વેપાર પ્રતિબિંબિત થઇ શકે, અર્થઘટન કરી શકે અને અપેક્ષા રાખી શકે. એચજીએચ ઇન્ડિયા 2026 ભારતમાં ઘરેલું વેપારની સંપૂર્ણ વ્યાપકતાને આવરે છે, અને આ ન્યુઝલેટર તેની આવૃત્તિઓમાં પ્રતિબિંબિત કરશે એવો વિચાર એ છે કે આ શ્રેણીઓ અલગ અલગ કાર્ય કરતી નથી. જે રિટેઇલર રસોઈના સાધનો ખરીદે છે તેઓ હોમ લિનન (ઘરના કાપડો) પણ ખરીદે છે. સામગ્રીઓનો ઉલ્લેખ કરનારા આર્કિટેક ફર્નિચર, ડેકોર અને સોફ્ટ ફર્નિશિંગ પણ શોધી રહ્યા છે. નવા શહેરોમાં વિસ્તરી રહેલા વિતરક માત્ર એક શેલ્ફનો નહીં, પરંતુ સમગ્ર ઘરનો વિચાર કરી રહ્યા છે.

આગામી સપ્તાહોમાં વધુ શ્રેણી સ્પોટલાઇટ્સ, પ્રદર્શક પરિચયો, બજાર અવલોકનો અને ભવિષ્યલક્ષી થીમ્સ પણ આવશે, કારણ કે અમે એચજીએચ ઇન્ડિયાની 19મી આવૃત્તિ તરફ આગળ વધી રહ્યા છીએ ■




### મુલાકાતીની નોંધણી

અમે તમને અમારી સાથે જોડાવા, આંતરદૃષ્ટિ, પ્રદિસાદોને શેર કરવા અને સૌથી મહત્ત્વપૂર્ણ રીતે તારીખને સેવ કરવા માટે આમંત્રિત કરીએ છીએ.

**19મું એચજીએચ ઇન્ડિયા**

**30 જૂન – 3 જુલાઇ, 2026**

**બૉમ્બે એક્ઝિબિશન સેન્ટર, મુંબઈ**

ટ્રેડ મુલાકાતીઓને પ્રાયોરિટી અપડેટ્સ, પ્રદર્શક પ્રિવ્યુ અને શોની માહિતી માટે અગાઉથી પૂર્વ-નોંધણી કરવા માટે પ્રોત્સાહિત કરવામાં આવે છે.

20 જૂન, 2026 પહેલા નિઃશુલ્ક નોંધણી માટે ઉપરનો ક્યુઆર કોડ સ્કેન કરો અને 1000/- નોંધણી ફી બચાવો

તાજેતરનાં અપડેટ્સ માટે અને નોંધણી માટે www.hghindia.com




